ગાંધીનગર સમાચાર

**આખરે સ્ટેશન તરફ જવાના રસ્તાનુ નિર્માણ**

# પ્રાથમિક શાળાઓમાં સૌથી વધુ ડ્રોપઆઉટ રેસિયો દહેગામમાં જણાયો

**ધોરણ-૬ થી ૮માં વધુ ડ્રોપઆઉટ રેસિયો; જિલ્લામાં ૧૦૧૭ પ્રાથમિક શાળા અને ૩૦૪ માધ્યમિક શાળા છે; જિલ્લામાં ૧૬૬ શિક્ષકો અને ૧૪ મુખ્ય શિક્ષકની જગ્યા ખાલી છે**

ગાંધીનગર, તા. ૧૪

ગાંધીનગર જિલ્લામાં આવેલ સરકારી પ્રા. શાળાના વિદ્યાર્થીઓનો ડ્રોપ-આઉટ રેસિયો સતત ઘટી રહ્યો હોવાનો દાવો આજે રાજ્યના શિક્ષણમંત્રી શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ વિધાનસભા ગૃહમાં કોંગીના શ્રીમતિ કામિનીબા રાઠોડના લેખિત પ્રશ્નના ઉત્તરમાં કર્યો છે.

કોંગીના શ્રીમતિ કામિનીબા રાઠોડે પુછેલા લેખિત પ્રશ્નના ઉત્તરમાં વિગતવાર જવાબમાં મંત્રીશ્રીએ જણાવ્યું છે કે વર્ષ ૨૦૧૪-૧૫માં ધો. ૧ થી ૫માં જે ડ્રોપઆઉટ રેસિયો નોંધાયો છે તેમાં દહેગામ તાલુકામાં ૦.૬૯, ગાંધીનગરમાં ૦.૩૯, કલોલમાં ૦.૫૪ અને માણસામાં ૦.૬૩ નોંધાયો છે. ધો. ૬ થી ૮માં દહેગામ



**વિધાનસભામાં ગાંધીનગર**

- પ્રકાશ જહા

તાલુકામાં ૧.૪૭, ગાંધીનગરમાં ૦.૦૪, કલોલમાં ૧.૮૬ અને માણસામાં ૨.૩૪ નોંધાયેલ છે. ધો. ૧ થી ૮માં આ રેસિયો ૧.૦૮, ગાંધીનગરમાં ૦.૨૨, કલોલમાં ૧.૨૦ અને માણસામાં ૧.૪૯ છે.

મંત્રીશ્રીએ જણાવ્યુ છે કે ધો. ૬ થી ૮માં ડ્રોપઆઉટનું પ્રમાણ જોવા મળ્યુ છે. પરંતુ સુધારાત્મક પગલાં અને બીજા લીધેલા પગલાંઓને કારણે આ ડ્રોપઆઉટ રેસિયો વર્ષ ૨૦૧૫-૧૬માં ઘટવા પામ્યો છે. તેમણે ૨૦૧૫-૧૬માં નોંધાયેલા ડ્રોપઆઉટ રેસિયાની પણ વિગતો સભ્યશ્રીના પૂરક પ્રશ્નના ઉત્તરમાં આપી છે.

વર્ષ ૨૦૧૫-૧૬માં ધો. ૧ થી ૫માં દહેગામ તાલુકામાં ૦.૬૫, ગાંધીનગર ૦.૩૫, કલોલમાં ૦.૫૦ અને માણસામાં ૦.૫૯ ડ્રોપઆઉટ રેસિયો નોંધાયો છે. જ્યારે ૬ થી ૮માં દહેગામમાં ૧.૪૩, ગાંધીનગર ૦.૦૦, કલોલમાં ૧.૮૨ અને માણસામાં ૨.૩૦ ડ્રોપઆઉટ રેસિયો નોંધાયો છે. ધો. ૧ થી ૮માં જોઈએ તો દહેગામમાં ૧.૦૪, ગાંધીનગર ૦.૧૮, કલોલ ૧.૧૬ અને માણસામાં ૧.૪૫ ડ્રોપઆઉટ રેસિયો નોંધાયેલ છે.

**● આદિ-જાતિની કન્યા માટે છાત્રાલય**

ભાજપના શ્રી શંભુજી ઠાકોરે ગાંધીનગર જિલ્લામાં આદિ-જાતિની વિદ્યાર્થીનીઓ માટે છાત્રાલય અંગે પુછેલા એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં આદિજાતિ મંત્રીશ્રીએ જણાવ્યુ છે કે ગાંધીનગર જિલ્લામાં એક સરકારી છાત્રાલય આવેલ છે અને તેમાં ૧૫૦ વિદ્યાર્થીનીઓ અભ્યાસ કરી રહી છે.

**● જિલ્લામાં મધ્યાહન ભોજન યોજના**

કોંગીના ડૉ. તેજશ્રીબેન પટેલે મધ્યાહન ભોજન યોજના માટેના ઓરડાઓ અંગે પુછેલા એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં શિક્ષણમંત્રીશ્રીએ જણાવ્યું છે કે ગાંધીનગર જિલ્લામાં દરેક પ્રા. શાળામાં કિચન-કપ-સ્ટોર રૂમની સુવિધા ઉપલબ્ધ છે.

કોંગીના જ શ્રીમતિ કામિનીબા રાઠોડે પુછેલા એક અન્ય પ્રશ્નના ઉત્તરમાં શિક્ષણમંત્રીશ્રીએ જણાવ્યું છે કે જિલ્લાની ૬૨૭ પ્રા. શાળામાં મધ્યાહન ભોજન યોજના કાર્યરત છે. જેમાં ગાંધીનગર શહેરની ૩૩, ગોધીનગર (ગ્રા)ની ૧૫૩, કલોલ ૧૨૦, માણસા ૧૦૦ અને દહેગામની ૨૨૧ પ્રા. શાળાઓના બાળકો આ યોજનાનો લાભ લે છે.

મંત્રીશ્રીએ જણાવ્યુ છે કે આ યોજનામાં કેન્દ્ર સરકાર તરફથી ૬૦ ટકા અને રાજ્ય સરકાર તરફથી ૪૦ ટકા ગ્રાન્ટની ફાળવણીનું પ્રમાણ છે.

**● જિલ્લામાં શૈક્ષણિક સંસ્થાઓ**

કોંગીના ડૉ. તેજશ્રીબેન પટેલે ગાંધીનગર જિલ્લામાં ૩૧-૧૨-૧૫ની સ્થિતિએ કાર્યરત શૈક્ષણિક સંસ્થાઓ અંગે પુછેલા એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં શિક્ષણમંત્રીશ્રીએ જણાવ્યું છે કે ગાંધીનગર જિલ્લામાં ૧૦૧૭ પ્રા. શાળા અને ૩૦૪ માધ્યમિક શાળાઓ કાર્યરત છે.

● અનુસંધાન પાન-૭ પર



(તસવીર : કશ્યપ નિમાવત)

પ્રકૃતિનો વૈભવ... - શહેરના હાર્દસમા ચ-માર્ગ પર આકર્ષક પીળા રંગના ફુલોમાં પ્રકૃતિનો વૈભવ વ્યક્ત થાય છે... લીલાછમ વૃક્ષોની વચ્ચે ખીલેલા પીળા લચક ફુલોથી નગરની શોભામાં વધારો થાય છે... પાનખરમાં પીળી ચાદરો ફુટપાથો પર છવાયેલી હોય છે... ત્યારે સૂર્યના પ્રકાશમાં ચમકતા પીળા પુષ્પો મનભાવન માહોલ નિર્માણ કરે છે...

# ધોરણ-૧૦માં સમાજવિજ્ઞાનના પેપરમાં ૨૦ એમ સી ક્યુ ટવિસ્ટ કરીને પુછાયા

**ધોરણ-૧૨ અંગ્રેજીમાં સેટેલાઈટ સેવા અને સમય અને ભરતી કોઈની રાહ જોતા નથી નિબંધ પુછાયો : વાણિજય સંચાલનના પેપરમાં ૫૯ ગેરહાજર રહયા**

ગાંધીનગર તા ૧૪

ધોરણ-૧૦ માં આજે સમાજવિજ્ઞાનનુ પેપર પ્રમાણમાં વિદ્યાર્થીઓ માટે અઘરુ પુરવાર થયુ હોવાનો સુર ઉઠવા પામ્યો છે. જિલ્લામાંથી ૨૪૩૭૪ વિદ્યાર્થીઓએ સમાજવિજ્ઞાનની પરિક્ષા આપી હતી. જયારે ૪૬૦ ગેરહાજર રહયા હતા. ભાગ અ માં ૨૨ એમ સી ક્યુ ટવિસ્ટ કરીને પુછવામાં આવ્યા હતા. પેપર પાઠયપુસ્તક આધારીત હતુ.આમછતા કેટલાક વિદ્યાર્થીઓને સમય ઓછો પડયો હતો.

ધોરણ-૧૦ માં આજે સમાજ વિજ્ઞાનનુ પેપર વિદ્યાર્થીઓને સરળ ન લાગ્યુ હોવાનુ વિષય નિષ્ણાંતોએ જણાંવ્યુ હતુ. પેપરના ભાગ અ માં એમ સી ક્યુ થોડા અધરા પુરવાર થયા હતા. પાઠયપુસ્તક આધારિત પ્રશ્ન પેપરમાં એમ સી ક્યુ ટવિસ્ટ

● અનુસંધાન પાન-૭ પર

# જિલ્લાની પ્રાથમિક શાળાઓમાં ૧૨મીથી પરીક્ષાઓ

**૨૨મી એપ્રિલ સુધી ચાલશે : ધો. ૩ થી ૫માં બે કલાકનો સમય અને ૬ થી ૮માં ૩ કલાકનો સમય : જિલ્લા પરીક્ષા સમિતિમાં લેવાયો નિર્ણય**

ગાંધીનગર, તા. ૧૪

ગાંધીનગર જિલ્લા પરીક્ષા સમિતિની આજે મળેલ બેઠકમાં જિલ્લાની ૬૨૭ પ્રા. શાળાઓમાં ૧૨મી એપ્રિલથી પરીક્ષા યોજવાનો નિર્ણય લેવામાં આવ્યો છે અને આ અંગેના આયોજનને આખરી ઓપ આપવામાં આવ્યો હતો.

જિલ્લાની પ્રા. શાળાઓમાં યોજાનાર પરીક્ષાઓ અંગેનો કાર્યક્રમ જાહેર કરી દેવાયો છે જે મુજબ ૧૨મી એપ્રિલથી શરૂ થતી આ પરીક્ષા ૨૨મી એપ્રિલ સુધી ચાલશે. ધો. ૩ થી ૫ની પરીક્ષાનો સમય બે કલાકનો રહેશે જ્યારે ધો. ૬ થી ૮ની પરીક્ષાનો સમય ત્રણ કલાકનો રહેશે.

મળતી વિગતો પ્રમાણે ૩ થી ૬ના મૂલ્યાંકન સાહિત્યમાં જ ઉત્તરો વિદ્યાર્થીઓ દ્વારા આપવાના રહેશે. જ્યારે ૬ થી ૮માં સંસ્કૃત વિષયમાં વિદ્યાર્થીઓએ તેમના ઉત્તરો મૂલ્યાંકન પત્રમાં જ લખવાના રહેશે.

ધો. ૭ અને ૮ના વિદ્યાર્થીઓને પ્રશ્નપત્રની સાથે અલગ ઉત્તરવહી આપવામાં આવશે. પ્રશ્નપત્રના મૂલ્યાંકનનાં ગુણાંક અંગ્રેજી અંકમાં દર્શાવવા માટે પણ ખાસ તાકીદ કરવામાં આવી છે.

ધો. ૩ થી ૫ ના બાળકોને ૪૦ ગુણમાંથી ગુણ આપવાના રહેશે જ્યારે ધો. ૬ થી ૮ના વિદ્યાર્થીઓનું મૂલ્યાંકન ૮૦ ગુણમાંથી થશે.

● અનુસંધાન પાન-૭ પર

# આખરે સ્ટેશન તરફ જવાના રસ્તાનુ નિર્માણ

**ડિવિઝનલ રેલવે મેનેજરની મુલાકાતને ધ્યાને લઇ રેલવે તંત્ર દ્વારા જ કામ પુર્ણ કરાયુ**

ગાંધીનગર તા૧૪

રેલવે સ્ટેશનને નવી ટ્રેઈન ફાળવવા મામલે દરવર્ષે અન્યાય થતો હોવાની લાગણી પ્રબળ બની છે. ત્યારે રેલવે સ્ટેશન પર યાત્રિકોલક્ષી સુવિધાઓ ઉભી કરવામાં પણ ઉદાસીનતા સેવાઈ રહી છે. છેલ્લા ઘણાં સમયથી રેલવે સ્ટેશન તરફ જવાનો રસ્તો પણ ભુંસાઈ ગયો હતો. અનેક રજુઆતોના અંતે પણ સ્ટેશન તરફ જવાના રસ્તાનુ કામ હાથ ધરવામાં આવતુ ન હતુ આખરે રેલવેના ડી આર એમની મુલાકાતને ધ્યાને લઈ રેલવે તંત્ર દ્વારા જ રસ્તાનુ કામ પુર્ણ કરી દેવાયુ છે.

ગાંધીનગર રેલવે સ્ટેશન પર સુવિધાઓનો ભારોભાર અભાવ વર્તાઈ રહયો છે. સ્ટેશન પર યાત્રિકો લક્ષી સુવિધાના અભાવ વચ્ચે ડગલે ને પગલે હાલાકી વેઠવી પડે તેવી સ્થિતિ છે. રેલવે સ્ટેશનને નવી ટ્રેઈનો ફાળવવામાં આવતી નથી. ત્યારે સ્ટેશન તરફ જવાનો રસ્તો પણ ઘણાં સમયથી જાણે અદ્રશ્ય થઈ ગયો હતો. મહાત્મા મંદિર અસ્તિત્વમાં આવ્યા બાદ ગત ચોમાસા દરમિયાન સ્ટેશન તરફ જવાનો રસ્તો તુટી ગયો હતો. ત્યારબાદ માર્ગ મકાન વિભાગ

● અનુસંધાન પાન-૭ પર


**પ્રથમ વાર્ષિક પૂણ્યતિથીએ શ્રદ્ધાંજલિ**



**સ્વ. શ્રી ચંદ્રસિંહજી લક્ષ્મણસિંહજી ડાભી (પેથાપુર)**

સ્વ. તિથી. વિ.સં.૨૦૭૧ ફાગણ સુદ-૭ તા. ૨૫-૦૨-૨૦૧૫

હૈયું રડે છે અંજલિ આપતાં, શબ્દો ખુટે છે શ્રદ્ધાંજલિ આપતાં
તમારી અણધારી વિદાય અમારા સૌના કાળજા કંપાવી ગઈ.
છોડી અમારા સૌનો સાથે જઈ તમે વસ્યા પ્રભુ ધામ
આપના આત્માને ચિરશાંતિ અર્પે તેવા પ્રભુ પ્રાર્થના...

લિ.

સૂર્યસિંહજી ડાભી (એડવોકેટ)
પ્રમુખ : ગાંધીનગર જિલ્લા કોંગ્રેસ સમિતિ
ડાયરેક્ટર - દેના ગુજરાત ગ્રામીણ બેંક
ગં.સ્વ. સરલાબા ડાભી
ગં.સ્વ. કૈલાસબા રાણા | પૃથ્વીસિંહજી ડાભી | હેતલસિંહજી દેવડા
સ્વ. શ્રી એકતાબા દેવડા | જયદેવસિંહજી ડાભી | ધૈર્યદેવસિંહજી ડાભી
પારૂલબા ડાભી, સોનલબા ડાભી, હિનાબા ડાભી,
કુ.જાહ્નવીબા, કું. અંજલિબા, કું.વિધિબા, કુ.કાલિન્દીબા, કું.મેઘાબા


**નોટીસ**

સાંચા કામ સબબે, તારીખ ૧૫/૩/૨૦૧૬, મંગળવારના રોજ નીચે જણાવેલ વિસ્તારનો વિજ પુરવઠો નીચે જણાવેલ સમય સુધી બંધ રહેશે. જેની માનવંતા ગ્રાહકોએ નોંધ લેવા વિનંતી.

તકલીફ બદલ ક્ષમા કરશો.

(૧) બોરીજ ગામ સબસ્ટેશન - ૭-૦૦ કલાકથી બપોરના ૧૨-૦૦ કલાક
(૨) ધોળાકુવા પાણીની ટાંકી વિસ્તાર - ૧૦-૦૦ કલાકથી બપોરના ૪-૦૦ કલાક

સહી/-
ટોરેન્ટ પાવર લીમીટેડ

# સમિતિઓની રચનાના બળવા અંગે આજે નિર્ણયના સંકેતો

**બળવાખોરોએ નોટીસના જવાબમાં પ્રમુખની ચૂંટણીના બળવાને યાદ કરી પગલાં લેવા જણાવ્યુ**

ગાંધીનગર, તા. ૧૪

ગાંધીનગર જિલ્લા પંચાયતની સમિતિઓમાં બળવાની સ્થિતિને આગળ વધતી અટકાવવા આજે મહત્વનો નિર્ણય હિંમતનગર ખાતે મળનારી પંચાયત પદાધિકારીઓની બેઠકમાં લેવાશે તેમ મનાઈ રહ્યું છે.

મળતી વિગતો પ્રમાણે જિલ્લામાં સમિતિઓની રચના વખતે બળવો કરનારા પાંચેય સભ્યોએ તેમને મળેલ કારણદર્શક નોટીસનો પ્રત્યુત્તર આપી દીધો છે. જેમાં પ્રમુખપદની ચૂંટણી વેળાએ બળવો કરનારાઓ સામે પણ પગલાં લેવાની વાત કરવામાં આવી છે. આ સભ્યોએ એક સિનીયર ધારાસભ્યના માર્ગદર્શન હેઠળ પ્રત્યુત્તર તૈયાર કર્યાની વાતોએ પુનઃ રાજકીય ગરમાવો લાવી દીધો છે.

બીજી તરફ સમિતિઓમાં બળવો કરનારા સભ્યો સામે શિસ્તભંગના પગલાં લેવામાં આવે તેવી તીવ્ર માંગ સાથે પ્રદેશ કક્ષાએ પણ ભારે દબાણ ઉભુ કરવામાં આવી રહ્યું છે.

આજે હિંમતનગર ખાતે વિભાગીય બેઠક પંચાયતી રાજના સભ્યો માટે જ બોલાવવામાં આવી છે અને તેમાં આ મુદ્દે ચર્ચાઓ થશે તેવા સંકેતો મળી રહ્યા છે. આમ જિલ્લામાં સમિતિઓની રચનાનો મુદ્દો સૌ માટે પુનઃ શિરદર્દ બની ઉભરી રહ્યો છે.

દરમ્યાન આજે બાંધકામ સમિતિની કાર્યવાહી નોંધ રદ કરવાના મુદ્દે કરાયેલ રિવીઝન અરજીમાં પણ સુનાવણી હાથ ધરાશે એટલે આજનો દિવસ પંચાયતના રાજકારણ માટે અગ્નિ પરીક્ષા જેવો બની રહેશે તેમ મનાઈ રહ્યું છે.

કોંગ્રેસના કેટલાક આગેવાનો બધુ હેમનું હેમ થઈ જશે તેવો વિશ્વાસ ધરાવે છે પરંતુ જે રીતે બન્ને જૂથો સામસામે આવી ગયા છે તેને ધ્યાને રાખી આ મુદ્દે પ્રદેશની દરમ્યાનગીરી જ રંગ લાવશે તેમ મનાઈ રહ્યું છે.

હિંમતનગરની બેઠક માટે બન્ને જૂથોએ તેમની રણનીતિને આખરી ઓપ આપી દીધાનું જાણવા મળેલ છે. જો કે હજુ સુધી શિક્ષણ સમિતિની કાર્યવાહી નોંધમાં કાર્યકારી અધ્યક્ષે સહિ નહિ કરી હોવાથી મામલો ઘોંચમાં જ પડેલો છે.



(તસવીર : કશ્યપ નિમાવત)

કાર્યભાર સંભાળ્યો - ગાંધીનગર મહાનગર ભાજપના પ્રમુખ પદનો કાર્યભાર સંભાળી રહેલા શ્રી મહેન્દ્રભાઈ પટેલ (દાસ) ને કાર્યકરો અને શુભેચ્છકોએ મોટી સંખ્યામાં શુભકામનાઓ પાઠવી હતી... સેકટર-૨૧ સ્થિત ભાજપ કાર્યાલય શ્રીકમલમ્ ખાતે મોટી સંખ્યામાં શહેરના કાર્યકરોએ નવ નિયુક્ત પ્રમુખને વધાવ્યા હતા...

# પ્રવાસન નીતિથી પ્રવાસીની સંખ્યા ૩.૨૭ કરોડ થઈ છે

**પ્રવાસન બજેટ હવે ૪૫૨ કરોડનુ કરાયુ છે : ગૃહમાં પ્રવાસન વિભાગની અંદાજપત્રીય માંગની ચર્ચાનો જવાબ અપાયો : ૪ મોટા પુરસ્કાર ગુજરાતને મળી ગયા**

અમદાવાદ, તા.૧૪

રાજયમાં પ્રવાસન સ્થળોના નોંધાપાત્ર વિકાસના પરિણામે આજે ગુજરાતમાં દેશ-વિદેશના પ્રવાસીઓની સંખ્યા ૨૦૦૬-૨૦૦૭માં ૧.૨૩ કરોડ હતી તે ૨૦૧૪-૧૫માં વધીને ૩.૨૭ કરોડ થઈ છે. જે અગાઉના વર્ષ કરતા ૧૩.૫૬ ટકાનો વધારો દર્શાવે છે. તેમજ ૨૦૦૫-૨૦૦૬માં પ્રવાસન બજેટ રૂ. ૩૫.૦૦ કરોડ હતું જે આજે ૪૫૨.૦૦ કરોડનું કરી ગુજરાતના પ્રવાસનને વેગ આપવાનો પ્રયાસ ગતિશીલ ગુજરાતના મુખ્યમંત્રી આનંદીબેન પટેલે કર્યો છે. તેમ પ્રવાસન વિભાગની માંગણીઓની ચર્ચાનો જવાબ આપતા પ્રવાસન રાજયમંત્રી જયેશભાઈ રાદડીયાએ વિધાનસભા ગૃહમાં જણાવ્યું હતું. મંત્રી જણાવ્યું કે પ્રવાસન વિભાગના સર્વાંગી વિકાસ


ADITYA BIRLA GROUP
લીકેજ-મુક્ત ઘરો માટે
UltraTech SEAL & DRY Total Waterproofing Solution
Waterproofing ka champion
શ્રી સ્વામીનારાયણ એન્ટરપ્રાઈસીસ
એસ-૬, બીજો માળ, અપના બજાર, સેક્ટર-૬, ગાંધીનગર
કોલ કરો : ૯૯૨૫૦ ૩૯૬૭૨, ૭૬૯૮૬ ૮૮૮૧૧.
મકાનના ૧૦૦% વોટર પ્રુફીંગ કામ માટે મળો.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
VINAYAK 500 TMT BARS - ISI
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૮૧૪૦૪ ૬૦૭૬૭


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com